આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

જે વ્યક્તિ બીજાની ભલાઇ ઇચ્છે છે એનું પોતાનું ભલું તો તે પળથી શરૂ થઇ જાય છે
- હૃદયસૂત્ર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૦૭ | ૮ ઓક્ટોબર, ૨૦૧૪, બુધવાર; આસો સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦





પરીક્ષાનો માહોલ - શહેર-જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં સત્રાંત પરીક્ષાઓ આરંભાતા માહોલ પરીક્ષામય બન્યો છે... ભાર વિનાના ભણતરની વાતો ખૂબ જ થાય છે... લેખો પણ ખૂબ લખાય છે... પણ જ્યારે આ તસવીર આંખ સામે આવે છે ત્યારે ભણતરનો ભાર ચહેરા પર કેવા ભારેખમ બનીને લદાય છે તે દેખાઈ આવે છે... આજની આપણી શિક્ષણ વ્યવસ્થા પરીક્ષાલક્ષી બની છે, જેના કારણે વ્યક્તિ ઘડતરની વાત ગૌણ બને છે અને પરીક્ષાના ટકા મુખ્ય બને છે... આ ટકાના સ્પર્ધાત્મક માહોલમાંથી જ્યારે શિક્ષણ બહાર નિકળશે ત્યારે વ્યક્તિ નિર્માણનું માધ્યમ બનવાનું સદભાગ્ય શિક્ષણ ક્ષેત્ર પ્રાપ્ત કરી શકશે... (તસવીર : કશ્યપ નિમાવત)

## હવે, શાળાઓમાં પણ ડિઝાસ્ટર પ્લાન

### જિલ્લાની તમામ શાળાઓને ડિઝાસ્ટર મેનેજમેન્ટનો પ્લાન તૈયાર કરવા સુચના અપાઈ : મોકડ્રીલ, ફાયર ડેમોસ્ટ્રેશન અને માનવ સર્જીત આપત્તિ સમયના લઈ શકાય એવા પગલાની તાલીમ અને જાણકારીના વિવિધ કાર્યક્રમો યોજવા સુચના અપાઈ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાની તમામ શાળાઓએ હવે, ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરવાનો રહેશે અને તે જિલ્લાના ડિઝાસ્ટર કંટ્રોલને મોકલી આપવાનો રહેશે.

ગાંધીનગર જિલ્લામાં શાળા સલામતિ અંગેની પૂર્વ તૈયારીઓ માટે આવો પ્લાન તૈયાર કરી અને આપવાનો રહેશે. રાજ્ય આપત્તિ નિવારણ સત્તામંડળે આ અંગે જિલ્લાની તમામ શાળાઓને જાણ પણ કરી દીધી છે.

આપત્તિ વ્યવસ્થાપન જોખમ નિવારણ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાની વિવિધ શાળાઓમાં શાળા સલામતીના વિવિધ કાર્યક્રમો જેવા કે મોકડ્રીલ, ફાયર ડેમોસ્ટ્રેશન તેમજ કુદરતી કે માનવસર્જીત આફતમાં શુ પગલાં લઈ શકાય તેની જાણકારી અને તાલિમ આપવાનો કાર્યક્રમ પણ અલગથી તૈયાર કરવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લાની એક હજારથી વધુ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા હવે સંકુલ સલામતિ અંગેની કાર્યયોજના તૈયાર કરવામાં આવશે. આ માટેની કાર્યયોજનામાં કયા કયા મુદ્દાઓને અગ્રતા આપવી તેમજ કયા મુદ્દાઓ સમાવી લેવા તેની પણ જાણકારી સંસ્થાના સંચાલકોને આપી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ઔદ્યોગિક સલામતિ તેમજ અન્ય કુદરતી હોનારતને પહોંચી વળવા માટે અલગથી આપત્તિ વ્યવસ્થાપનની કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. ચોમાસા પૂર્વે ચોમાસાનો એક્શન પ્લાન દર વર્ષે તૈયાર કરવામાં આવે છે તે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર જિલ્લામાં ઔદ્યોગિક વિકાસ પ્રમાણમાં ઘણો ઓછો છે પરંતુ આમ છતાંય તંત્રએ તે માટે ખાસ પ્લાન બનાવ્યો છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ એક અલાયદો વોર્ડ આપત્તિ માટે રાખવાનું તંત્રએ સૂચવેલ છે.

ડિઝાસ્ટર મેનેજમેનટ સત્તામંડળ દ્વારા દિપાવલી પૂર્વે અને દિપાવલી બાદ શાળા સલામતિ અંગેના વિશેષ કાર્યક્રમો હાથ ધરવામાં આવનાર છે. જો કે શાળાઓમાં પરીક્ષાનો માહોલ હોવા છતાંય સત્તામંડળે આ કાર્યયોજના તૈયાર કરવા જણાવવામાં આવ્યું છે.

## વિધાનસભાનું બે દિવસીય સત્ર ૧૦-૧૧ નવેમ્બર

### પ્રથમ દિવસે વિધાનસભાના અધ્યક્ષની વરણી અને બીજા દિવસે જ્યુડિશીયલ એપોઈન્ટમેન્ટસ કમિશન બિલ રજુ

ગાંધીનગર, તા.૭

ગુજરાત વિધાનસભાનું આગામી બે દિવસીય ટૂંકુ સત્ર તા. ૧૦ અને ૧૧મી નવેમ્બરના રોજ મળસે. જેમાં પ્રથમ દિવસે વિધાનસભાના અધ્યક્ષની વરણી અને બીજા દિવસે એટલે કે તા. ૧૧મી સપ્ટેમ્બરે જ્યુડિશીયલ એપોઈન્ટમેન્ટ્સ કમિશન બિલ રજુ કરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત વિધાનસભા તત્કાલીન અધ્યક્ષ વજુભાઈ વાળાની કર્ણાટક રાજ્યના ગર્વનર તરીકે વરણી થતાં તેમની ખાલી પડેલી જગ્યા ઉપર ઉપાધ્યક્ષ મંગુભાઈ પટેલને જવાબદારી સોંપવામાં આવી હતી. વિધાનસભાના નવા અધ્યક્ષ તરીકે મંગુભાઈ પટેલની જ વરણી કરવામાં આવે તેવી શક્યતાઓ છે તેમ છતાં આ મહત્વના પદ માટે નીતિન પટેલ તથા નીમાબેન આચાર્યના નામ પણ ચર્ચામાં હોવાનું સુત્રોએ જણાવ્યું હતું. વિધાનસભાના ટૂંકા સત્રના બીજા દિવસે ગૃહમાં જ્યુડિશીયલ એપોઈન્ટમેન્ટસ કમિશન બિલ રજુ કરાશે. સંસદના બને ગૃહોમાં જસ્ટીસની નિયુક્તિ અંગે બંધારણીય સુધારાવાળો ખરડો પસાર થઈ ગયો હોવાથી હવે રાજ્યની વિધાનસભાઓમાં પણ આ વિધેયક પસાર થાય તે જરૂરી છે.

ત્યારબાદ આ ખરડા પર રાષ્ટ્રપતિના હસ્તાક્ષર થયા બાદ આ કાયદો અમલમાં આવશે જેના પગલે જસ્ટીસની નિયુક્તિની આશરે ૨૦ વર્ષ જુની કોલેજિયમ સિસ્ટમનો અંત આવશે. અને તેના બદલે અસ્તિત્વમાં આવેલા રાષ્ટ્રીય ન્યાયિક નિયુક્તિ પંચને બંધારણીય દરજ્જો હાંસલ થશે અને છેવટે સુપ્રીમ કોર્ટ સહિત રાજ્યની વડી અદાલતોના જસ્ટીસની નિયુક્તિ અને ટ્રાન્સફરનો અધિકાર ન્યાયિક નિયુક્તિ પંચને મળી જશે.

## વિધાનસભાનું સત્ર ઓછામાં ઓછું ૫ દિવસ બોલાવવા માંગ

ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ પત્રકારોને સંબોધતા જણાવ્યું હતું કે વિધાનસભાનું સત્ર માત્ર એક-બે દિવસ માટે નહીં પણ ઓછામાં ઓછા પાંચ દિવસનું બોલાવવા માટે અધ્યક્ષને પત્ર લખી વિનંતી કરી હતી, પરંતુ નવેમ્બર માસની ૧૦ અને ૧૧મી તારીખે આગામી વિધાનસભાના સત્ર માટે આહવાન કરેલ છે. હકીકતમાં બે દિવસનું સત્ર એ કહેવા પૂરતું અને ફોર્માલીટી પુરી કરવા પુરતું જ છે. હકીકતમાં તો પાંચ દિવસનું સત્ર બોલાવવામાં આવે તો પણ સમય ઓછો પડે તેમ છે ત્યારે સરકારે માત્ર બે દિવસનું સત્ર બોલાવી બંધારણીય ટેકનીકલ ફોર્માલીટી પુરી કરવા માટે સત્ર બોલાવ્યું છે, જે યોગ્ય નથી.



ખેલ મહાકુંભ - રાજ્યભરમાં ખેલ મહાકુંભ ઉલ્લાસપૂર્વક આરંભાયો છે... ગાંધીનગર જિલ્લાના ખુલ્લા વિભાગની દોડ સ્પર્ધામાં રમતવીરો ઉત્સાહભેર જોડાયા હતા. ખેલ મહાકુંભના આયોજનના પગલે રમત પરત્વેની રસરૂચિ વધતી જાય છે... રાજ્યમાં ઉત્તમ રમતવીરો તૈયાર થાય એવા હેતુથી આરંભાયેલ ખેલ મહાકુંભ ધીમે ધીમે યથાર્થ બની રહ્યો છે...

## વર્ગ-૧ અને ૨ની પરીક્ષા જિલ્લાના ૮૪ કેન્દ્રો પર ૨૪,૬૪૮ પરીક્ષાર્થીઓ આપશે

### પરીક્ષાર્થી પરીક્ષાખંડમાં મોબાઈલ ફોન સાથે પ્રવેશ કરી શકશે નહિ : જિલ્લા પોલીસ વડા સલામતિના મુખ્ય અધિકારી તો કલેક્ટર પરીક્ષા માટે ચીફ કોર્ડિનેટર તરીકે ફરજ બજાવશે : ૧૦૨૭ બ્લોક્સમાં પરીક્ષા લેવાશે

ગાંધીનગર, તા. ૭

આગામી રવિવારે વર્ગ-૧ અને ૨ ની સીધી ભરતી માટે યોજાનાર સ્પર્ધાત્મક પરીક્ષામાં ગાંધીનગર જિલ્લામાં ૨૪,૬૪૮ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપશે. જિલ્લા તંત્ર દ્વારા આ પરીક્ષાના આયોજનને લઈ તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

અધિક નિવાસી જિલ્લા કલેક્ટર ડૉ. એમ.બી. મોડિયાએ આજે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું હતુ કે ૮૪ જેટલા સેન્ટરો પર ૧૦૨૭ જેટલા બ્લોક્સમાં આ પરીક્ષા લેવામાં આવશે. એક જ દિવસમાં પરીક્ષાના ત્રણ પ્રશ્નપત્રો જુદા જુદા સમયે અપાશે. પ્રથમ સવારે ૧૦થી ૧૧.૩૦ બીજુ પ્રશ્નપત્ર ૧૨.૩૦થી ૨ અને ત્રીજુ પ્રશ્નપત્ર ૩ થી ૫ દરમ્યાન અપાશે.

પરીક્ષા શરૂ થવાના અર્ધા કલાક પહેલાં પરીક્ષાર્થીને બ્લોકમાં એન્ટ્રી અપાશે. એક બ્લોકમાં ૨૪ પરીક્ષાર્થીઓ હશે. ગાંધીનગર ઉપરાંત કલોલ, છત્રાલ, ચાંદખેડા, મોટેરાના કેન્દ્રો પર પણ આ પરીક્ષા લેવામાં આવશે.

જિલ્લામાં આ પરીક્ષા માટે ૧૯ રૉટ બનાવવામાં આવ્યા છે. પરીક્ષા માટે ૮ ફલાઈંગ સ્કવોડ બનાવવામાં આવી છે. દરેક સ્કવોડમાં એક મહિલા અધિકારી પણ હશે. ૪ બ્લોક દીઠ એક બ્લોક સુપરવાઈઝર હશે. આ પરીક્ષા માટે ૩૮ જેટલા નાયબ કોર્ડીનેટરની પણ નિયુક્તી કરવામાં આવી છે.

ડૉ. મોડિયાએ જણાવ્યુ હતુ કે જિલ્લા માટે કલેકટરશ્રી ચીફ એક્ઝામીનેશન કોર્ડીનેટર છે. આ પરીક્ષામાં જાહેર સેવા આયોગના અને જિલ્લાના ૧૩૭ જેટલા અધિકારીઓની તકેદારી ટીમો પણ બનાવવામાં આવી છે.

ડૉ. મોડિયાએ જણાવ્યું હતું કે

● અનુસંધાન પાન-૭ પર

## જીપીએસસીની પરીક્ષા યથાવત મનાઈ હુકમની માગ ફગાવાઈ

ગાંધીનગર, તા. ૭

જી.પી.એસ.સી. ની પરીક્ષા મામલે કોર્ટમાં થયેલ અરજી અંગેની સુનાવણી આજે ગુજરાત હાઈકોર્ટમાં હાથ ધરાઈ હતી. જેમાં હાઈકોર્ટે અરજી ફગાવી દીધી છે. હવે પ્રિલિમ પરીક્ષા નિયત તારીખ મુજબ જ યોજાશે.

જી.પી.એસ.સી. ની વર્ગ-૧ અને વર્ગ-૨ ની પરીક્ષાના અભ્યાસક્રમ મામલે ગુજરાત હાઈકોર્ટમાં રિટ દાખલ કરવામાં આવી હતી. જેની સુનાવણી આજે મંગળવારે હાઈકોર્ટમાં હાથ ધરાઈ હતી અને કોર્ટે તુરંત જ અરજી ફગાવી દીધી હતી. હાઈકોર્ટે અવલોકન કર્યુ છે કે બધાને સમાન તક આપવામાં આવી છે. આથી હવે પરીક્ષા યથાવત રહેશે. પરીક્ષા પર સ્ટે. આપવાની અરજી પણ કોર્ટે ફગાવી દીધી છે. પરીક્ષા મામલે થયેલી અરજીમાં જણાવ્યું હતું કે, પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કર્યા બાદ અભ્યાસક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેને લીધે ઉમેદવારોને તૈયારી માટે પુરતો સમય મળ્યો નથી એટલુ જ નહી અભ્યાસક્રમ લાંબો હોવાની પણ રજૂઆત કરવામાં આવી છે. જો કે હાઈકોર્ટે આ અરજી ફગાવી દીધી છે. આથી જી.પી.એસ.સી. દ્વારા આગામી ૧૨મી ઓક્ટોબર ૨૦૧૪ ના રોજ યોજાનારી પ્રિલિમ પરીક્ષા નિયત કાર્યક્રમ મુજબ જ લેવાશે.


